પૈસા લાવો ને બાયડી વેચાતી લો.

બાયડી.

અથવા,

સંસારોપયોગી રસીલી કથા.

રચનાર.

નંદલાલ ઉત્તમરામ સુતરિયા.

દોહરો.

પ્રીત પરણો બાયડી, પણ વિચારો ભ્રાત;
નબળી જો આવી મળે, જન્મ તણી પંચાત.

સુરત.

'મિહાણક્ષ પ્રેસ.' છાપનાર તથા વેચનાર મંચેરજી
જમશેદજી. પોટવાળા. દુકાન નાણાવટ.

કીમત એક આનો.

અરે શું મરા સાહેબ, એક આનામાં

[illegible] ૧૯૦૨ અને સેરતુ પંચાગ કીમત બે આના.

સંસાર ભડ઼ુ ને મિહાણક્ષ છાપખાનાની જાત્રા. [illegible] નાણાવટ.

બાયડી.

આપણામાં બાળ લગ્નનો બુરો ચાલ હોવાને લીધે મળતા સ્વભા
વની સ્ત્રી પુરૂષો એ બનતા શકતું નથી. ઘણાક સારા વિદ્વાન નેસા
રા કેળવણી પામેલા પુરૂષને મળેલી સ્ત્રી ઘણી ખરી વગડાના રોઝ
જેવી હોયછે. અને કોઈ અભુજને સારા ગુણ તથા સારી કેળવણી
પામેલી બાયડી હોયછે. જેથી બેઉને બરોબર બનતું નથી. લડાઈ ટં
ટો ઘરમા હંમેશ થયા કરે છે. ગણપતગામ કરીને એક વાણિયો
[illegible] સારી રીતે કેળવાયલો હતો પણ તેની બાયડી ઘણીજ
બાળી એટલે કુભારજ હતી હમેશ પહોર દહાડો ચડે ત્યારે સુતી
ઉઠે. તેનો ધણી સવારમાં સ્ટેશન ઉપર ચાકરીએ જતો હતો તે
વખતે પોતાની બાયડીને ઉઠાડવને બુમ પાડે. પણ તે પાડા જેવી
સુતેલી ઉઠે અને ધણી તરફથી સુવામા ખોટ ઘાલે. વળી લોટ
નહોયતો ઘંટીમા ઓરવાનુ ઘાલીને સે. તેજ વખતે વળી સીવવાનુ
પણ સોબતુ લઈને બેસે થોડા વખત થયા પછી જ્યારે ધણી ઘર
મા આવે તે વખત ઘરમા વાસી કામ કાજ પડેછે. ન[illegible] પાછુ તો
ના ધણીને સ્ટેશન પર જવાનું હોયછે તો પણ તૈયુંવડનું તો કાંઈ
ઠેકાણુંજ નહિ. એવી રીતની અનેક પીડાતી તે બિચારો પીડાતો હતો
પણ તે સમજુ હતો. તેથી કંકાસ થતો નાહોતો તો પણ તે બિચા
રો તેનાથી બહુજ દુ:ખી હતો તે પોતાના માબાપને ગમતો તો નહિ.
[illegible]ણ અત્યંત નીસાસો આપતો હતો એક દિવસે તેને પોતાની
પોતાનાં ઘરના બીજા ભાગમાં રાખવાનો વિચાર કરી તેને
[illegible]ખી. અને તેને ખાવા કરવાને માટે પોતાના ઘરમાંથી અનાજ
વગેરે આપવા માંડ્યું તે બિચારાના દુ:ખની વાત શાંભળતા
આંખમાંથી પાણીની ધાર ચાલ્યા વગેર રહેજ નહિ તે
ના શા ભોગ લાગેલા હશે કે એવી કુભારજા બાયડીને પરણ્યો.
ભોની સમા કેની રીતે બોલી શકે! પણ ભાઈઓ એ બા

ભ્રતમાં શરમાયાતો પછી જેવી હશે તેવી જન્મ સુધી વેઠવી પડશે. પરમેશ્વર! તે બિચારાએ શું પાપ કર્યું હશે! તેને સંસારના લ્હાવા લીધા! તેને શું સુખ લીધું! વગર ફોગટની તેને પીસાવળગી. તેની નાતનાં બીજી બાયડી થઈ શકતી નથી. તેથી તે હમેશાંના ઊંડા દુઃખમાં પડ્યો. અને હરરોજ તેનું શેર શેર લોહી સુકાવા લાગ્યું

હવે પેલી કુભારજા પણ સમજવા લાગી કે હવે જો હું કાંઈ સુધરીશ નહિ; તો મારો જન્મારો વ્યર્થ જશે. કારણકે જ્યાં સુધી હું સુધારવાની નથી ત્યાંસુધી મારો ધણી મને રાખવાનો નથી.

ગણપતરામે પણ પોતાની બાયડીને શીખામણ દેવાને પોતાના ઘરના પાંછલા ભાગમાં સારા આચરણ વાળુ ભાડુત રાખ્યું હતું. અને તેની પાસે ભાડું ન લેતા પોતાની બાયડીને શીખામણ દેવાનીજ પાકી સરત આગળથી કરી હતી.

કેટલાક દિવસ પછી તેની બાયડી જરા સુધરી તેથી બાયડીની સાથે કેટલીક કબુલત લઇ રાખી. વળી થોડાક દિવસ ગયા પછી પાછી તેની ખરાબ આદત સરૂ થવા લાગી. જેથી વળી તેની બાયડીને ઘરના બીજા ભાગમાં રાખી. તે બાયડીનો છોકરો થએલો હતો તે પણ તેની માના સ્વભાવનોજ હતો. કારણકે જેવા ગુણ માનહોય તેવાજ ગુણ ઘણુ કરીને છોકરામાં આવેછે.

એક સમે તેને પોતાના છોકરાને તથા વહુને કહ્યું કે હું નાકરીએ જાઉં છું. વખતે ત્યાંથી કોઈ માણસને કાંઇ લેવા કરમોકલું તો આપજે.

ગણપતરામે એમ જાણીને કહ્યું હતું કે હવે ઉનાળાનો વપાસે આવતા માંડયો છે. જેથી પાણી બાણી વગેરે કાંઇ લેવા કોઇને મોકલું અને અડબંગો વખતે ન આપે. તે

આગળથી કહી મુકયું હોય તે મારું. જેવખતે ગણપતરામે કાંઇ ચીજ લેવા આવે તો આપવી. એમ કહ્યું. તે વખતે તેના બાર ણા આગળથી એક લફંગો જતો હતો. તેને શ ભળ્યું. અને જરા રે ગણપતરામ નોકરી પર ગયા. ત્યારે તે લફંગો ઘરમાં ગયો. અને કહ્યું શેઠસાહેબે રુપિયા પચાસ મંગાવ્યા છે. તે મને આપો. તે પછી બાઈ તમને આપું આ કહેવાથી તે કેળવાયલા વગરની બાયડી ઉઠી પેટી ઉઘાડી અંદરથી રુપિયા પચાસ ગણી આપ્યા. ત્યાર બાદ જ્યારે તેનો ધણી આવ્યો. ત્યારે તેની બાયડીએ રુપિયા આપ્યાની વાત કહી. જે સાંભળી ગણપતરામ બોલ્યો વાહ! કેળવાયલી અને અકેળવાયલામાં કેટલો તફાવત છે. રુપિયા જેવી ચીજ આપવી તે એને એમ અપાય? તે પણ વળી થોડા નહિ પણ પચાસ. હાલ બાયડી તેની સાથે રહેતી હતી. હવેથી પેટીની કુંચી ગણપતરામે લઈ લીધી અને બાયડીને કહ્યું કે હવે પછી એવી બીજી ચીજ આપવી નહિ. મેં તો ફક્ત પાણી વગેરે મંગાવવાની તજવીજ કહ્યું હતું. કાંઈ રુપિયા જેવી ચીજને માટે વગર ચીઠ્ઠીએ આપવા કહ્યું નહોતું. ગણપતરામ સમજુ હોવાથી વધારે કજીઓ કીધો નહિ. રુપિયા કોણ લઈ ગયો તેની તપાસ કરતાં ઠગ પકડાયો નહિ.

ગણપતરામની અબુજ બાયડીથી તે બિચારાના રુપિયા ગયા. રુપિયા પચાસ આહા! તે રળતા તેને કેટલી મુશ્કેલીઓ પડી હશે! તે આવી બેવકુફ બાયડીએ જરા વારમાં ગુમાવ્યા. રામ રામ!!

એક વખતે ગણપતરામે પોતાની બાયડીને કહ્યું આજે મારે માટે દાળભાત કરી મુકજે, એટલે હું આવી જલદીથી ખાઇ પીને જઇશ. એમ કહી તેનો ધણી નોકરી પર ગયો. ત્યારે તે બાયડી વિચારવા લાગી કે મારા ધણીએ દાળભાત રાંધવાના કહ્યા

છે તે કેમ રાંધું? મેં તો કોઇ દિવસ હાજભાજ ગંદયા નથી. દાળ અને ભાત જુદાનો થાય પણ દાળભાત સાથે રંધીએ તો ખીચડી થઇ જાય પણ કહ્યું છે તેમ કરું તેમ વિચારી દાળ અને ભાત સાથે તપેલીમાં એરવ્યા અને તેમાંભીંડુ અરવુ વગેરે નાંખ્યુ. પછી તેનો ધણી આવ્યા અને ખાણીનુ ગબડી જેવુ રંધેલું જો ઇ ઘણોજ ગુસ્સે થયો પણ સમજુ તેથી તેવાતને જવા દઇ ઘેરાં સુખાંનાને ભુખ્યો ચલ્યો ગયો. પાછી સાજરે આવીને તેણે બાયડીને વધારે શીખામણ દીધી પણ તે પથ્થર ઉપર પાણીજ હતું. તેને પોતાની બાયડીને સુધારવા ઘણી મહેનત લીધી. પણ આ વાર સુધી તે વ્યર્થ ગઇ હતી.

તે બાયડી જ્યારે રાંધતી હતી ત્યારે કાંઈ સકાર વગરનુજ રાંધતી હતી. કોઇ દિવસ ખારૂ કોઇ દિવસ મોળુ અને કોઇ દિવસ તીખુ. વગેરે અનેક તરેહનુ વીચિત્ર રાંધતી હતી. જે બ જન કોઇનેતો ખબુજ ગમે નહિ. પણ બિચારાના કરમના ભોગ કે તે બિચારાને માથે તેના માબાપે પથ્થર ઘાલ્યો હતો.

એક સમયે તેણે પોતાના ધણીને માટે સગડી ઉપર દુધ ઉન્નુ કરવા મુકયુ. પણ તેની નીચે કેટલો તાપ રાખવો તેનુ તેને ભાન નહતુ ચુલામા તાપનાધારે રહેલો તે બાયડી હતી અને તદન અકલ વગરની હતી. તેણી પડોશી. માં ગપાટા મારવા બેઠી. તે પેલુ સઘલું દુધ તદન બળી ત્યા સુધી તેને તે ઉતારવાનું કાંઈ ભાનજ નહોતું. અ રાત પડી હતી. તેથી તેના ધણીને બજારમાંથી બીજુ લી શકયું નહિ. અને દુધ વગર ખાવું પડયુ.

એક દિવસે તેની બાયડી તેના ધણીને કહેછે; આ માટીનો ચુલો શામાટે આપણે ત્યાં રાખ્યોછે? મારે રોજને રોજ લીપવો પડેછે પણ જો લકડાનો ચુલો તમો લાવોતો મારે લીપવા કરવાની પચાત નપડે. ગણપતરામ બોલ્યો અરે તારા જેવી બંજી બાયડી મેં પૃથ્વીના પડમાં જોઈ નથી. વારૂ તેં લાકડાનો ચુલો કોઈ જગ્યાએ જોયો છે? તુંજ વિચર. કે લાકડાનો ચુલો હોયનો બળી નજાય. વહુ - લાકડાનો ચુલો બળી કેમ જાય. માટીનો ચુલો કેમ નથી બળતો! અને લાકડાનો ચુલો બળી જાય એ શું? ગણપતરામ--અરે ભોળી, ચુલામાં આપણે લાકડા બાળીએ છીએ તેમ લાકડાનો ચુલો હાય તો તે પણ બળે. આવી કમઅકલની બાયડીઓ સારા કેળવાયલાને શું સુખ આપે ને સુખ પામે શું! ખરેખરી પ્રિતિ સરખે સરખા જોડામાંજ હોયછે. અરે એવા બાયડીઓના ધણીઓ શું સુખ પામે. કંઈજ નહિ!

ગણપતરામ—પેલા ચોપડાછે તે હું માણસ મોકલું તેને આપજે. મારાથી ઊંચકાય એમ નથી. તેથી લઈ જતો નથી.

પેલી બાયડી સમજી કે ધણીએ રાંધેલા ચોપડા (ચાર પડળી રોટલી.)કહ્યા એમ ધારી જે માણસ આવ્યું હતું તેને રસું ઉઘાડી ખાવાના ચોપડા કહાડી આપવા લાગી. જે જોઈ ચાકર બોલ્યો. આ શું આપોછો? એશા કામમાં આવશે? મુવગરના બાયડીઓમાં મિજાજ વધારે હોયછે. તેથી તેને કહ્યું. તને આપ્યું તે સીધા રીતે લઈ જા. તારે શુ તને

તારે જે આપીએ તે સીધી રીતે લઈને જા. ચાકર લઈને સ્ટેશન ઉપર જયાં તેનો શેઠ બેઠો હતો ત્યાં આવીને. બોલ્યો કે શેઠાણીએ તો રોટલીઓ આપીછે તે ક્યાં મુકું? ગણપતરામતો વિચારમાં પડયો. રોટલીઓ કે'વી! મેં તને ચોપડીઓ લેવા મોકલ્યો હતો અને આ શું લાવ્યો! ચાકર બોલ્યો મેં શેઠાણી ને કહ્યું પણ તેને તો મિજાજ કરી રોટલીઓજ આપી આથી ત્યાં બધા બેઠેલા હતા તેઓની આગળ તથા ત... પરી ને ચાકર નફરોની આગળ તે બિચારાની આબરૂ ગઈ. બિના બનવાથી તે બિચારાના ત્રણ દિવસ દિલગિરીમાંજ ગયા આમ છતાં તેની જીંદગી ની દિલગિરી મરતા સુધી ચાલુ હતી

વળી એક વખતે તેને ઘેર પરગામના પરોણા આવેલા છતા તેની બાયડીની અસભ્યતાને લીધે તેનું દિલ અતિ દુ:ખીત હતું. આખરે તે આદુખ ભરેલી જીંદગી કરતા મ... વધારે ચાહવા લાગ્યો.

ઓ નાથરે, જોડું હાથરે, થજે સરણેરે.
દુખડા બહુ, બુરી વહુ, આપી સહુ.
સારૂં એથી મરણેરે. ઓ નાથરે૦

લાવણી.

મારે માથે દુ:ખડા આ'વા, શીદ મને માથે આ
બુરી વહુથી લોકે નીંદા, કેમ દિવસ જાશે

‘ત્રી મારી, રોઝજજેવી રોઝ ખરી;
કહું છું, સારૂં સારૂં ખરે હરી.
રજ ભાસે, ત્રાસે તન તવાયું જો;
નપરણ્યો, ઠીકજ ત્યારે થાતજ હો.

ભુજંગી છંદ.

હરી દુખડા થીચ’ડે મારી વા’લે,
કિધા ઘાવ માતાપિતા ખૂબ સાલે.
કરે ઠીક તું, કાંકરે મર્ણ હારે;
મળી શીદને નાર હ્યાં કાજ મારે,
રહ્યા હોત વાંઢાં તદા સૂખ સાંધો,
નહું સોસ કસોસ કે થાત વાંધો;
લઈ લે ઉપાડી અધીરો હરારે.
મળી શીદને નાર હ્યાં કાજ મારે.

પ્રમાણે તે બિચારાએ જેમ તેમ દુ:ખે પાપે પોતાની
રહેલી જીંદગી પુરી કરી. અરે ભાઈઓ અનેક પ્રાકરના
બાળ લગનમાં થાયછે. તેમજ જો મોટપણે પણ મળ
ાભાની બાયડી નહોયતો માહા આબદાના ભારા.

પિય બાંધવો બાયડી પરણ્યાની તે વખતે મળતા સ્વ
ઈનેજ પરણવી. ઘણાકો માબાપના છતા એમ કર
યછે. પણ આખરે નબળી મઝેલી ત્રી તમારેજ

માથે પડશે. શાક લેવાજો આપણે

તો તેપણ જોઈને લઈએ છીએ.

દગી નો સબંધ તેને એમને એમ ગુ

લેવીએ ઠીકછે? ના, એમાં ઘણી વાર માઠા

આપણામાં કેહેવત ચાલેછે કે "શાક બ

બગડયો. અથાણું બગડયું તેનુ વરસ બગડ

બાઈડી બગડી તેનો જન્મારો બગડયો" ઘણુંકરીને જે.

ટેવ આગળથી હોયછે તેજ મોટપણે રહેછે. તેથી જો

જાણી પીછાનીને બાઈડી પરણવામા આવેતો નઠારી નીવ

ડવામાં આવે નહી પછીથી બગડવુ એતો સગતી ઉપર

આધાર રાખેછે. ભાઈઓ બાઈડી પરણોતો મનસ્વભા

મેળવીને પરણવી. આ સવાલાખની શીખામણની જ.

તમારામાની કોઈ બાઈડી નબળા સ્વભાવની નીકળે ત્યારે

માલમ પડે.

સમાપ્ત.